ભ્રષ્ટાચારની ફરિયાદો બાદ સરકારનો મોટો નિર્ણય

# સુરતની જમીન દફ્તર સહિત સિટી સરવે કચેરીને તાલુકામાં લઇ જવાશે

**કલેક્ટરની** 6 મહિનાથી પેન્ડિંગ દરખાસ્તને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી, શહેરી નાગરિકોને મોટી રાહતની આશા

ગુજરાતમિત્ર ઇમ્પેક્ટ

સુરતઃ સુરત શહેરની જમીન દફતર સહિત સિટી સરવે કચેરીઓમાં વ્યાપક ભ્રષ્ટાચાર, બેદરકારી અને વહીવટી ગૂંચવણ અંગે સતત ઉઠતી ફરિયાદો બાદ રાજ્ય સરકારે મહત્વપૂર્ણ અને દુરગામી નિર્ણય લીધો છે. જિલ્લા કલેક્ટર દ્વારા છ મહિના પહેલા સરકારને મોકલાયેલી દરખાસ્તને અંતે મુખ્યમંત્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

સરકારના આ નિર્ણય મુજબ હવે સિટી સરવે સહિત જમીન દફતર ખાતાની જિલ્લા કક્ષાની વર્ગ-૨ની કચેરીઓને વિકેન્દ્રીકરણ કરી તાલુકા કક્ષાએ, એટલે કે મામલતદાર કચેરીઓમાં સમાવવામાં આવશે. આ નિર્ણયને કારણે સુરત સહિત રાજ્યભરના શહેરી વિસ્તારોમાં જમીન સંબંધિત કામગીરી વધુ સરળ, પારદર્શક અને ઝડપી બનવાની આશા ઉભી થઈ છે. સુરત શહેરની સિટી સરવે કચેરીઓમાં લાંબા સમયથી વ્યાપક ભ્રષ્ટાચાર અને કામગીરીમાં વિલંબની ફરિયાદો સામે આવી રહી હતી. આ મામલે નાયબ નિયામક જમીન દફ્તર દ્વારા સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટ નં. ૧થી ૪ને નોટિસ પણ ફટકારવામાં આવી હતી. છતાં, સિસ્ટમમાં મૂળભૂત ફેરફાર નહીં થતા સામાન્ય નાગરિકોની હેરાનગતિ યથાવત્ હતી. અંતે, જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી દ્વારા સરકારમાં મોકલાયેલી દરખાસ્ત પર રાજ્ય સરકારે ગંભીરતાથી વિચાર કરી નિર્ણય લીધો છે.

## ભ્રષ્ટાચાર મુદ્દે તમામ સિટી સરવે સુપરિટેન્ડન્ટના ખુલાસા મંગાયા

**નાયબ** નિયામક જમીન દફતર દ્વારા સિટી સર્વે સુપરિ. 1, 2, 3, 4 ને નોટિસ



સુરતઃ સુરત શહેરની સિટી સર્વે સુપરિટેન્ડન્ટ કચેરીઓમાં લાંબા સમયથી ચાલતા વ્યાપક ... દસ્તાવેજો હોવા છતાં કામ અટકાવવામાં આવતું હોવાના આક્ષેપો સતત થઈ રહ્યા છે.

પેન્ડિંગ કામો, સમયમર્યાદા ભંગની તપાસ જરૂરી

સિટી સર્વે કચેરીઓમાં જમીન સંબંધિત નોંધણી, ફેરફાર, એન્ટ્રી અને પ્રમાણપત્ર જેવા અનેક કામો લાંબા સમયથી પેન્ડિંગ પડ્યા હોવાની ફરિયાદો સતત મળી રહી છે. સમયમર્યાદા હોવા છતાં અનેક અરજીઓ મહિનાઓ, વર્ષો સુધી પૂર્ણ કરવામાં આવતી નથી. આ પરિસ્થિતિમાં માત્ર ભ્રષ્ટાચાર અંગે ખુલાસો માંગવાને બદલે કચેરીઓમાં વાસ્તવિક રીતે કેટલું કામ પેન્ડિંગ છે, કેટલી એન્ટ્રીઓ સમયમર્યાદા બાદ પણ અટકેલી છે અને તેના માટે કોણ જવાબદાર છે તેની વિસ્તૃત તપાસ થવી જરૂરી હોવાનું ...

» તા. 31 ડિસેમ્બર, 2025 એ ગુજરાતમિત્રમાં છપાયેલો અહેવાલ

## સિટી સરવેને મામલતદારમાં મર્જ કરવાની દરખાસ્ત 6 માસથી પેન્ડિંગ

**ભ્રષ્ટાચારની** ફરિયાદો બાદ નોટિસ, પરંતુ વહીવટી સુધારાનો નિર્ણય હજુ અદ્ધરતાલ

સુરતઃ સિટી સરવે કચેરીમાં ...

એક છત નીચે કામગીરી અરજદારો અને વહીવટી માટે સરળતા બનશે

જો કલેક્ટર દ્વારા મોકલાયેલી દરખાસ્તને સરકારની મંજૂરી મળે અને સિટી સરવે કચેરીઓને મામલતદાર કચેરીમાં સમાવી લેવામાં આવે, તો શહેરી નાગરિકોને મોટી રાહત મળી શકે છે. એક જ છત હેઠળ કામગીરી થવાથી પ્રક્રિયા સરળ, પારદર્શી અને સમયસર પૂર્ણ થઈ શકે તેમજ ભ્રષ્ટાચાર પર પણ અસરકારક ...

» તા. 1,જાન્યુઆરી 2026 ગુજરાતમિત્રમાં છપાયેલો અહેવાલ

### કામગીરીનું ભારણ ઘટાડવા સિટી સરવે કચેરીઓ મામલતદાર કચેરીમાં સમાશે

મહેસૂલ વિભાગના પરિપત્ર મુજબ, જમીન દફતર ખાતાની કામગીરીનું ભારણ ઘટાડવા જિલ્લા કક્ષાની ડી.આઇ.એલ.આર., સિટી સરવે સુપરિન્ટેન્ડન્ટ, હક્કચોકસી અધિકારી, સહાયક એકત્રીકરણ અધિકારી અને સરવે મામલતદાર જેવી વર્ગ-૨ની કચેરીઓને તાલુકા કક્ષાએ કાર્યરત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દરખાસ્તને મુખ્યમંત્રી દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

### તાલુકા કક્ષાએ કચેરી વ્યવસ્થા માટે સૂચનાઓ

દરેક તાલુકા કક્ષાએ જમીન દફતર ખાતાની એક કચેરી માટે વર્ગ-૨ના અધિકારીની ચેમ્બર, રેકોર્ડ રૂમ અને અંદાજે ૧૮થી ૨૦ કર્મચારી માટે બેઠક વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે પ્રાથમિકતા ક્રમ મુજબ હાલ ઉપલબ્ધ જમીન દફતર કચેરી, તાલુકા સેવા સદન અથવા અન્ય સરકારી કચેરીમાં જગ્યા ફાળવવાની રહેશે.

### એક છત હેઠળ કામગીરી થવાથી નાગરિકોને સીધી રાહત

સરકારના આ નિર્ણયથી હવે જમીન નોંધણી, હક્કચોકસી, સિટી સરવે, નોટિસ બજવણી જેવી તમામ કામગીરી એક જ છત હેઠળ થશે. પરિણામે કચેરીઓ વચ્ચેના ધક્કા, સમયનો વ્યય અને માનસિક તણાવ ઘટશે. સાથે સાથે પારદર્શિતા વધશે અને ભ્રષ્ટાચાર પર અસરકારક નિયંત્રણ આવી શકે છે. અત્યાર સુધી સિટી સરવે કચેરીઓના અસ્પષ્ટ સીમાંકનને કારણે અરજદારોને કઈ કચેરીમાં જવું તે બાબતે ભારે ગૂંચવણ હતી. હવે મામલતદાર કચેરી સાથે સંકલન થવાથી વિસ્તાર મુજબ કામગીરી સ્પષ્ટ બનશે અને નાગરિકોને અનાવશ્યક હેરાનગતિમાંથી મુક્તિ મળશે.

# સ્મીમેરમાં સર્વર ડાઉન, દર્દીઓને હાલાકી

**સતત** બીજા અઠવાડિયે સર્વરની રામાયણથી દર્દીઓની હાલાકી, મનપાનું તંત્ર સર્વરની સમસ્યા સામે લાચાર?

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં અઠવાડિયાના ઉઘડતા દિવસ સોમવારે સવારે ફરી એક વખત HMIS સિસ્ટમમાં ટેક્નિકલ ખામી સર્જાતાં સર્વર ડાઉન થયું હતું. સતત બીજા અઠવાડિયે સર્વરની ખામીથી દર્દીઓને ભારે તકલીફ વેઠવાનો વારો આવ્યો હતો. ઈમર્જન્સી તેમજ જનરલ કેસ કાઉન્ટર પર લાંબી કતારો લાગી જતાં દર્દીઓ અને તેમના સગાંઓની હાલત કફોડી બની હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સ્મીમેર હોસ્પિટલમાં રોજ હજારો દર્દીઓ વિવિધ તકલીફોની સારવાર માટે આવતા હોય છે. શનિવારે તમામ વિભાગોની OPD અડધા દિવસની અને રવિવારે પૂર્ણ દિવસ OPD બંધ રહેતી હોવાથી સોમવારે OPD ખુલતાની સાથે જ દર્દીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

તેવા સમયે સવારે જ HMIS (હોસ્પિટલ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ)માં ટેક્નિકલ ખામી સર્જાતાં સિસ્ટમ ડાઉન થઈ ગઈ હતી, જેના કારણે ઈમર્જન્સી વિભાગમાં આવતા દર્દીઓને હેલ્થ કાર્ડ મેળવવામાં તેમજ અન્ય કામગીરીમાં વિલંબ થયો હતો. ખાસ કરીને જનરલ કેસ કાઉન્ટર પર દર્દીઓની લાંબી કતારો લાગી હતી અને ભીડ વધી જતાં દર્દીઓ સમયસર સારવાર મેળવી શક્યા નહીં. એક કલાકથી વધુ સમય સુધી સિસ્ટમ ડાઉન રહેતાં કોમ્પ્યુટર આધારિત મોટાભાગની કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી, જેના કારણે આખી હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને અધિકારીઓ દોડધામ કરતા જોવા મળ્યા હતા.



### ૨૦ મીનિટમાં મેન્યુઅલ સિસ્ટમથી કામગીરી શરૂ કરી દેવાઈ હતી: RMO

સ્મીમેરના સીનિયર RMO ડો.જયેશ પટેલે જણાવ્યું હતું કે, “સવારે સિસ્ટમ સામાન્ય રીતે ચાલુ હતી, પરંતુ પછી HMISમાં ટેક્નિકલ ખામી આવી જતાં સિસ્ટમ બંધ થઈ ગઈ. જાણ થતાંની સાથે જ ૨૦ મીનિટમાં મેન્યુઅલ સિસ્ટમ અપનાવીને કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી, જો કે મોડી સાંજ સુધી ઓનલાઈન સિસ્ટમ ચાલુ થઈ શકી નથી, તેથી મેન્યુઅલી કામગીરી જ ચાલુ છે. ઈમર્જન્સી વિભાગમાં દર્દીઓને તકલીફ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

## સુરત જિલ્લા વકીલ મંડળની બેઠક મળી

સુરતઃ આજે સુરત જિલ્લા વકીલ મંડળની એક બેઠકમાં કો-ઓપ્ટ સભ્યોની નિમણૂક બાબતની અરજી પર ચર્ચા કરવામાં આવી હતી. આજે સુરત જિલ્લા વકીલ મંડળની પ્રથમ ઔપચારિક બેઠક પ્રમુખ ઉદય પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ચૂંટણી પહેલા થયેલી રજૂઆત સંદર્ભે કેટલાક નિર્ણય લેવાયા હતા. ખાસ કરીને કો-ઓપ્ટ સભ્યોની નિમણૂક બાબતે કારોબારી સભ્યો દ્વારા નોંધાવેલા વિરોધ સંદર્ભેની અરજી બાબતે ચર્ચા વિચારણા થયા બાદ કારોબારી સભ્યોને પ્રમુખ તરફથી આશ્વસ્ત કરવામાં આવ્યા હતા કે આ કો-ઓપ્ટ સભ્યોને મંડળના કોઈ ઠરાવ સંદર્ભે વોટિંગનો પાવર આપવામાં આવશે નહીં તેમજ વકીલ મંડળના પદાધિકારીઓની સમયમર્યાદા વધારવા સંદર્ભની અરજી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી અને આ બાબતે આગામી સામાન્ય સભામાં આ અરજી અંગે નિર્ણય કરવામાં આવશે.

# કાપોદ્રામાં માથામાં ત્રિશુલના ઘા ઝીંકી હત્યા કરનારો 23 વર્ષે ઝડપાયો

**કાપોદ્રામાં** બે સાગરીત સાથે મળી જાહેરમાં વિપુલ રાદડિયાની નિર્દયી રીતે હત્યા કરી હતી

**ખૂન** કરી વતન યુપી ભાગ્યો, પોલીસથી બચવા થાણેમાં ડમ્પર ડ્રાઈવર તરીકે સ્થાયી થઇ ગયો

સુરતઃ શહેરમાં વર્ષ ૨૦૦૩માં કાપોદ્રા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલા જાહેર હત્યાકાંડમાં છેલ્લા ૨૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના થાણે જિલ્લાના મીરારોડથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી સંજય ઉર્ફે સંજુ ઉર્ફે કુંજ બૈજનાથ ખેરવારની એક મહિનાની શોધખોળમાં તેના મૂળ વતન અકબરપુર, જિલ્લા જોનપુર (ઉત્તર પ્રદેશ) ખાતે તપાસ કરતાં જાણવા મળ્યું કે હત્યા કર્યા બાદ આરોપી ત્યાં થોડો સમય રહ્યો હતો પરંતુ પોલીસ પકડથી બચવા માટે તે મીરારોડ-કાશીમીરા વિસ્તારમાં માટી ભરવાના ડમ્પર પર ડ્રાઈવર તરીકે કામ કરી પરિવાર સાથે સ્થાયી થયો હતો. ડી.સી.બી.ની ટીમે મહારાષ્ટ્રમાં જઈ આરોપીના નિવાસસ્થાને દરોડો પાડ્યો હતો અને કાશીમીરા કુલપાડા વિસ્તારમાં શંકર ભગવાનના મંદિરની સામેના ઘરમાંથી આરોપીને ઝડપી લીધો હતો.

પોલીસ તપાસ મુજબ આરોપીએ સહ આરોપીઓ જગદીશ ઉર્ફે જગા અને કમલેશ સાથે મળી વિપુલ રાદડિયાને જૂની અદાવતના કારણે પુણા-કુંભારીયા રોડ પર લઈ જઈ સપ્તર્ષિ રો-હાઉસ સામે ખુલ્લી જગ્યામાં નાના ત્રિશુળ વડે માથાના ભાગે સતત ઘા મારી મોત નીપજાવ્યું હતું. હાલ આરોપીને કાયદેસરની કાર્યવાહી હેઠળ કાપોદ્રા પોલીસ સ્ટેશનના કબજામાં સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જૂના હત્યાના કેસમાં સફળતા મેળવવા માટે ક્રાઈમ બ્રાન્ચે આધુનિક ટેકનીકલ સોર્સ સાથે માનવ બાતમીદારોની મદદ લીધી હતી. આરોપીના મોબાઈલ સંપર્ક, સ્થળ પરિવર્તન અને રોજગારીની વિગતો એકત્ર કરી પોલીસે પગલું ભર્યું હતું. એક મહિનાની સતત મહેનત બાદ આરોપી ક્યાં રહે છે, શું કામ કરે છે અને કોના સંપર્કમાં છે તે બાબતે સંપૂર્ણ માહિતી મેળવી લેવાઈ હતી. અંતે મહારાષ્ટ્ર જઈ ચોક્કસ સ્થળે દરોડો પાડીને આરોપીને ઝડપી લેવાયો હતો.

જાહેર રોડ પર ત્રિશુળથી હત્યા, શહેરમાં મચી ગયો હતો હાહાકાર

વર્ષ ૨૦૦૩માં થયેલી આ હત્યાની ઘટનાએ સુરત શહેરમાં ભારે ચકચાર જગાવી હતી. મરણજનાર વિપુલ રાદડિયાને જૂની અદાવતના કારણે રાત્રિના સમયે જાહેર રોડ પર લઈ જઈ નિર્મમ રીતે હત્યા કરવામાં આવી હતી. નાના ત્રિશુળ જેવા હથિયારથી માથા પર ઉપરાઉપરી ઘા મારીને આરોપીઓએ ઘટનાને અંજામ આપ્યો હતો.

## મોટા વરાછાના બંધ મકાનમાંથી રૂ.૧.૦૮ લાખની ચોરી

સુરતઃમોટા વરાછા વિસ્તારમાં ફર્નિચરનું કામ ચાલુ હોવાથી અસ્થાયી રીતે ખુલ્લા રહેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. પુણા યોગીચોક વિસ્તારમાં આવેલી ગજાનંદ સોસાયટીમાં રહેતા અને દલાલીનો વ્યવસાય કરતા કૌશિકભાઈ જીવરાજભાઈ ચોવટિયાના મોટા વરાછા વિસ્તારમાં એમ્પાયર સ્કૂલ પાસે આવેલ અવધ બંગલોઝમાં ઘર નં.૩૮ ખાતે ફર્નિચરનું કામકાજ ચાલી રહ્યું હતું. મકાનમાં કારીગરો દ્વારા કામ કરવામાં આવતું હોવાથી કેટલાક ભાગ ખુલ્લા રહેતા હતા. જેથી તેમના મકાનમાં અઠવાડિયામાં બે દિવસ ઘૂસી તસ્કરો અંદાજે રૂ.૧.૦૮ લાખની ચોરી કરી ગયા હતાં.

## માનસિક બીમારીથી પીડિત યુવકે માલગાડી સામે પડતું મૂક્યું

સુરતઃ લિંબાયતમાં માનસિક બીમારીથી પીડિત યુવકે માલગાડી સામે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. મૂળ મહારાષ્ટ્રના વતની અનિલ ઝુલાલ કેદાર (ઉં.વ.30) હાલ લિંબાયત સંજયનગરમાં પરિવાર સાથે રહેતો હતો. અનિલ એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. છેલ્લા પંદરેક દિવસથી અનિલને માનસિક બીમારી થવા લાગી હતી અને તે ઘરમાં પણ ‘ ’હું મરી જવા, હું મરી જવા’’ તેમ રટણ કરતો રહેતો હતો. દરમિયાન રવિવારે બપોરે ભેસ્તાન નિયોલ બાયપાસ પાસે રેલવે ટ્રેક પર અનિલે માલગાડી ટ્રેનની સામે પડતું મૂકીને આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે અનિલનું માથું ધડથી અલગ થઈ ગયું હતું.

## ગોડાદરાના બંધ મકાનમાંથી રૂ.૧.૮૭ લાખની ચોરી

સુરતઃ ગોડાદરાના બંધ મકાનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર મૂળ ઝારખંડ રાજ્યના વતની અને હાલ સુરતના ગોડાદરા વિસ્તારમાં સાંઈધામ સોસાયટીની બાજુમાં આવેલી વૃંદાવન પાર્ક સોસાયટીમાં રહેતા છોટેલાલ વિશ્વનાથ વર્મા માર્કેટમાં સેલ્સમેન છે. તેઓ થોડા દિવસ માટે બહારગામ ગયા હોવાથી તેમનું મકાન બંધ હતું. ૧૧ ડિસેમ્બર ૨૦૨૫થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન કોઇ તસ્કર દરવાજાનો નકૂચો તોડીને તેમના ઘરમાં ઘૂસી ગયો હતો. તેણે પેટી પલંગમાંથી રોકડા રૂપિયા ૫૦ હજાર તેમજ રૂ.૧.૩૭ લાખની કિંમતના દાગીના મળીને કુલ ૧.૮૭ લાખની મતાની ચોરી કરી હતી.

## અન્યની પત્ની સાથે વાત કરતાં ધમકી મળતા યુવકે ફાંસો ખાધો

સુરતઃ વેડ રોડમાં મારી પત્ની સાથે વાત કરશે તો હાથપગ તોડી નાંખવાની પતિએ ધમકી આપતા અક્ષયકુમારે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ બોટાદના વતની અક્ષયકુમાર ગણેશ મિયાણી (ઉં.વ.28) હાલ વેડ રોડ વિસ્તારમાં આવેલા ધીવાવા ઇન્ડસ્ટ્રી એસ્ટેટમાં રહેતો હતો અને ત્યાંજ એમ્બ્રોડરીના ખાતામાં નોકરી કરતો હતો. રવિવારે રાત્રે અક્ષયકુમારે લોખડના હુક સાથે દોરી બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. અક્ષયકુમારના સંબંધી શરદભાઈએ જણાવ્યું હતું કે, અક્ષયકુમાર જ્યાં કામ કરે છે, ત્યાં એક પરિણીતા પણ કામ કરે છે અને બંને ફોન પર વાતો કરતા હતા. જેની જાણ પરિણીતાના પતિને થઈ જતાં અક્ષયકુમારને પત્ની સાથે વાત કરશે તો હાથપગ તોડી નાંખવાની ધમકી આપી હતી. જેથી ટેન્શનમાં આવીને અક્ષયકુમારે આ પગલું ભર્યું હોવાની શક્યતા છે.

# છત્તીસગઢના એન્ટિ સાયક્લોનથી સુરતની ઠંડીને બ્રેક, 17.4 ડિગ્રી

**ઉત્તરના** ઠંડા પવનો અવરોધાતા લઘુત્તમ તાપમાન બે ડિગ્રી વધી ગયું, ગરમી પણ અડધો ડિગ્રી વધી

**વેસ્ટર્ન** ડિસ્ટર્બન્સની અસર વચ્ચે એન્ટી સાયક્લોન સર્ક્યુલેશનથી શહેરમાં ઠંડી હવે સામાન્ય રહેવાની આગાહી

સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી વધવાની શક્યતા વચ્ચે છત્તીસગઢ વિસ્તારમાં સર્જાયેલું એન્ટી સાયક્લોન સર્ક્યુલેશન સુરત સહિત દક્ષિણ ગુજરાત માટે વિઘ્નરૂપ બન્યું છે. તેના કારણે આજે શહેરમાં ઠંડીનો પ્રભાવ ઘટ્યો હતો અને તાપમાનમાં વધારો નોંધાયો છે. આજે સુરતમાં મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 30.8 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે લઘુત્તમ તાપમાન પણ બે ડિગ્રી વધીને 17.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઠંડી વધવાની શક્યતા વચ્ચે આવેલા આ ફેરફારથી શહેરવાસીઓને ઠંડીમાં થોડી રાહત અનુભવાઈ હતી. આજે શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ 69 ટકા નોંધાયું હતું અને ઉત્તર-પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક 6 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતો રહ્યો હતો. સામાન્ય રીતે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઠંડીમાં વધારો થવાની આગાહી કરવામાં આવી હતી, પરંતુ છત્તીસગઢમાં સર્જાયેલા એન્ટી સાયક્લોન સર્કયુલેશનની અસરથી આ સિસ્ટમ નબળી પડી છે. હવામાન નિષ્ણાતો મુજબ, એન્ટી સાયક્લોનના કારણે ઉત્તર તરફથી આવતી ઠંડી હવાના પ્રવાહમાં અવરોધ સર્જાયો છે. આગામી દિવસોમાં સુરત અને આસપાસના વિસ્તારોમાં કડક ઠંડીની શક્યતા ઓછી છે અને તાપમાન સામાન્ય રહેવાની સંભાવના છે.

# સરથાણાની તરુણીના અપહરણ કેસમાં આરોપી બોટાદથી ઝડપાયો

**35** દિવસથી ગુમ તરુણીનો પત્તો નહીં લાગતા પાટીદાર સમાજે સરથાણા પોલીસમથકને ઘેર્યું હતું

**આરોપી** પરિણીત હોવા છતાં તરુણીને પ્રેમજાળમાં ફસાવી હતી

સુરતઃ સરથાણામાંથી 35 દિવસ અગાઉ ગુમ થયેલી તરુણીનો પત્તો નહીં મળતા પાટીદાર સમાજે પાંચ દિવસ પહેલાં સરથાણા પોલીસમથકનો ઘેરાવ કર્યા બાદ તરુણીના અપહરણની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાઈ હતી. આ દરમિયાન સરથાણા પોલીસની એક ટીમે તરુણીને ભગાડી જનાર પરિણિત યુવકને બોટાદના માંડવા ગામના એક તબેલામાંથી તરુણી સાથે ઝડપી પાડ્યો છે.

પોલીસ પાસે મળતી માહિતી મુજબ સૌરાષ્ટ્ર પાટીદાર સમાજની 17 વર્ષની તરુણીના પ્રેમસંબંધ અંગે જાણ થતાં તેના માતાપિતાએ તેને સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા પિતરાઈ ભાઈને ત્યાં રહેવા મોકલી હતી. જોકે, આજથી 35 દિવસ અગાઉ તે ત્યાંથી ગુમ થઈ ગઈ હતી. આ અંગે પિતરાઈ ભાઈએ સરથાણા પોલીસમથકમાં તેના ગુમ થયાની જાણ કરતાં સરથાણા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. તરુણીનો પત્તો નહીં લાગતા પાટીદાર સમાજે અગાઉ એક મીટિંગ કરી બાદમાં રાત્રે સરથાણા પોલીસમથકનો ઘેરાવ કરી તરુણીનો પત્તો મેળવવા રજૂઆત કરી હતી. સરથાણા પોલીસે તપાસ કરી રહ્યા હોવાનું તેમને જણાવ્યું હતું છતાં તેમનો વિરોધ યથાવત રહ્યો હતો. મોટો વિવાદ સર્જાતા તરુણીના અપહરણની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. આ દરમિયાન સરથાણા પોલીસની એક ટીમને ગત 4મીના રોજ તરુણીને ભગાડી જનાર બોટાદમાં હોવાની બાતમી મળતા એક ટીમ બોટાદ રવાના થઈ હતી. પોલીસે બાતમી આધારે બોટાદના માંડવા ગામના એક પટેલના તબેલામાંથી આરોપી અરવિંદ કિશોર પંચાસરા (ઉં.વ.26, રહે., અકાલા, તા. લાઠી, જિ.અમરેલી) ને દબોચી લીધો હતો. પોલીસે તેની પૂછપરછ કરતાં તે પરિણીત હોવા છતાં તરુણીને પ્રેમ જાળમાં ફસાવી હતી અને સુરતથી તરુણીને ભગાવ્યા બાદ ભાવનગર પોરબંદર અને અમરેલીના અલગ અલગ વિસ્તારમાં રહ્યા બાદ તે બોટાદમાં તરુણી સાથે રહેવા લાગ્યો અને પશુઓનું દેખરેખનું કામ કરવા લાગ્યો હતો.

# ઉત્રાણમાં પૂર્વ પાડોશીએ વેપારીને રૂ. ૨૯ લાખનો ચૂનો ચોપડ્યો

**હોસ્પિટલના** ખર્ચ માટે પહેલા મદદ માંગી રૂપિયા પડાવ્યા બાદમાં એફડી ઉપાડવાના ખર્ચ બતાવી બીજા રૂપિયા ખંખેર્યા

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાં ઓળખાણનો ગેરલાભ ઉઠાવી પિતા, પુત્રી અને જમાઈએ મળીને એક વેપારીને લાખો રૂપિયાની ઠગાઈનો ભોગ બનાવ્યો છે. હોસ્પિટલમાં દવાના નામે અને બેન્કમાંથી મોટી એફડી ઉપાડવાના ખર્ચના બહાને ટુકડે ટુકડે કરીને રૂ.૨૯.૭૧ લાખ પડાવી લીધા બાદ એક પણ રૂપિયો પરત આપ્યો ન હતો.

ઉત્રાણ વિસ્તારમાં આવેલી ગોકુળ પાર્ક સોસાયટીમાં રહેતા અંબરીષસિંહ નરપતસિંહ રાજ મિનરલ વોટરનો ડિસ્ટ્રિબ્યુટર છે. અગાઉ તેઓ અમરોલી વિસ્તારમાં વર્ધમાન રો હાઉસ પાછળ આવેલી ગોવિંદ પાર્ક સોસાયટીમાં રહેતા હતા. તે સમયે તેમની ઓળખાણ નગીનભાઈ મગનભાઈ પટેલ સાથે થઈ હતી. ફરિયાદ અનુસાર નગીનભાઈ પટેલે પોતાની દીકરી હિમાલી નગીનભાઈ પટેલ અને જમાઈ ઉજાસ પંડ્યા સાથે મળીને અંબરીષસિંહને વિશ્વાસમાં લીધા હતા. શરૂઆતમાં હોસ્પિટલમાં સારવાર અને દવા લેવા માટે પૈસાની જરૂર હોવાનું કહી મદદ માંગી હતી. બાદમાં બેન્કમાંથી રૂપિયા ૮૦ લાખની એફડી ઉપાડવાની પ્રક્રિયા માટે ચાર્જ અને અન્ય ખર્ચ બતાવી વધુ રકમની માંગણી કરવામાં આવી હતી. અંબરીષસિંહ પાસેથી વિવિધ બેન્ક એકાઉન્ટ મારફતે કુલ રૂ.૨૯.૭૧ લાખ ટ્રાન્સફર કરાવી લેવાયા હતા. પૈસા આપવા માટે વાયદા કર્યા બાદ એક પણ રૂપિયો નહીં મળતા અંતે તેમણે આ મામલે ઉત્રાણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પિતા, પુત્રી અને જમાઈ સામે છેતરપિંડીનો ગુનો દાખલ કરી લીધો છે.

# આલિયા બેટ પરથી ૧૦.૬૭ લાખનું ડીઝલ ઝડપાયું

**એક** બોટ દીઠ એક લાખની કમાણી થતી

**30** રૂપિયામાં જહાજમાંથી ડીઝલ ચોરી 70થી 75 રૂપિયા વેચાણ કરતા હતા

**અજિત** અને પાલિકાના કર્મીનાં નામો કાઢવા રાજકીય માથાં મેદાને

સુરતઃ સુરત શહેરના દરિયાઈ વિસ્તારોમાં ડીઝલના કાળાબજાર અને ગેરકાયદે વેચાણ સામે લાલ આંખ કરતાં SOGએ હજીરા સ્થિત આલિયા બેટ પરથી ૧૪,૨૦૦ લીટર શંકાસ્પદ ડીઝલનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે ૧૬ કલાક દરિયામાં વોચ રાખી આખું ઓપરેશન હાથ ધર્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ દરિયાઈ પટ્ટી પર ડીઝલના ગેરકાયદે વેચાણની પ્રવૃત્તિઓ ડામવા માટે નાયબ પોલીસ કમિશનર રાજદીપસિંહ નકુમના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.ની ટીમો પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પી.એસ.આઈ. એમ.ડી. હડિયા અને આર.એસ.ભાટિયાની ટીમને બાતમી મળી હતી કે, ગવીયર ગામ પાસે તાપી નદીની વચ્ચે આવેલા આલિયા બેટ પર જ્વલનશીલ પ્રવાહી (ડીઝલ જેવું મિશ્રણ) ભરેલાં બેરલ છુપાવવામાં આવ્યાં છે અને તેની હેરાફેરી ચાલી રહી છે.

પોલીસે ૧૬ કલાક આ વિસ્તારમાં બોટ મારફતે દરિયામાં રેકી કરી હતી. ત્યાર બાદ આલિયા બેટ પર દરોડો પાડતાં ત્યાં ઝાડી-ઝાંખરા વચ્ચે છુપાવીને રાખેલા ૭૧ જેટલાં પ્લાસ્ટિકના બેરલ મળી આવ્યાં હતાં. તપાસ કરતા આ બેરલોમાં ૧૪,૨૦૦ લીટર શંકાસ્પદ ડીઝલ હોવાનું જણાયું હતું.

એસ.ઓ.જી.એ આ તમામ જથ્થો કબજે કરી હજીરા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ દાખલ કરાવી છે. આ ડીઝલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને તેને ક્યાં સપ્લાય કરવાનું હતું તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સૂત્રધાર અજિતને કેમ બચાવવામાં આવી રહ્યો છે?

સ્થાનિકોના જણાવ્યા મુજબ બિનસત્તાવાર રીતે “ડોલ્ફિન” કોડ દ્વારા ડુમસ ઓવારા પર ચાલતું ડીઝલ કૌભાંડ ભરત, અજિત અને જેનીશ સંચાલિત કરે છે. સ્થાનિકોનો દાવો છે કે, અજિત છેલ્લાં દસ વર્ષથી આ કૌભાંડ ચલાવી રહ્યો છે. અજિત દર લિટર રૂ.30માં ડીઝલ ખરીદી રૂ.70થી 75માં વેચતો હતો. રોજ અંદાજે રૂ.5 લાખનું ડીઝલ વેચાણ થતું હોવાથી મહિને દોઢ કરોડ રૂપિયા સુધીની કમાણી થતી હોવાનું કહેવાય છે. ડીઝલ લેવા માટે ગણપતિ વિસર્જન ઓવારા પર ખાલી ડ્રમ મૂકી લાઇન લગાવવામાં આવતી હતી, ડીઝલ આવવાની તૈયારી દરમિયાન કિનારા પર “ડોલ્ફિન આવી” હોવાનો સંદેશ મેસેજ ગ્રુપમાં મૂકીને સંકેત આપવામાં આવતો હતો.

### પોલીસે દરિયાથી દૂર આલિયા બેટ પર ઝેરી સાપો વચ્ચે ઓપરેશન હાથ ધર્યું

આલિયા બેટ, સરવે નં.1006, અંદાજે 3 લાખ ચોરસ મીટર વિસ્તાર ધરાવે છે અને તે વન વિભાગના તાબા હેઠળ ગોચર જમીન તરીકે નોંધાયેલી છે. પોલીસ દ્વારા આ વિસ્તારમાં અંદાજે 16 કલાકની ભારે જેહેમત બાદ મોટી માત્રામાં ડીઝલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન પોલીસને જોઈ કેટલાક હાજર શખ્સોએ ડ્રમ દરિયામાં ફેંકી દીધા હતા અને પોતે પણ દરિયામાં કૂદી ફરાર થયા હતા.

### પ્રાઇવેટ રેમ્પ બનાવી ડીઝલ આલિયા બેટ સુધી લવાતું હતું

પોર્ટ તરફ જતાં વાહનો મધ દરિયામાં પહોંચતાં ત્યારે “ડોલ્ફિન આવી” હોવાના કોડ વર્ડ દ્વારા સંકેત આપવામાં આવતો હતો. સંકેત મળતા જ કેટલાક ઇસમો નાની બોટ લઈને ત્યાં પહોંચી જતા હતા. ચાલુ જહાજમાંથી ઇલેક્ટ્રિક મોટરની મદદથી ડીઝલ કાઢવામાં આવતું હતું. અંદાજે 15 મિનિટમાં 5થી 7 હજાર લિટર જેટલું ડીઝલ કાઢી લેવાતું હતું. લિટર દીઠ રૂ.30 મુજબ જહાજના કેપ્ટનને ચૂકવણી કરવામાં આવતી હતી. ડીઝલ ભર્યા બાદ બોટ દ્વારા તે આલિયા બેટ પર ઝીંગા તળાવ આડમાં છુપાવવામાં આવતું હતું.

### ડીઝલની ચોરી માટેની મોડસ ઓપરેન્ડી ભલભલાને ગોથે ચઢાવે તેવી છે

આરોપીઓની ચોરી કરવાની પદ્ધતિ ઘણી હાઈટેક અને જોખમી હતી. તેઓ મધરાતે નાની બોટ લઈને દરિયામાં ઊભેલા મોટા કન્ટેનર જહાજો કે ઓઈલ ટેન્કરોની નજીક પહોંચી જતાં હતાં. જહાજની ઈંધણની ટાંકીમાં ઇલેક્ટ્રિક મોટર લગાવીને લાંબી પાઈપલાઈન દ્વારા ડીઝલ સીધું પોતાની બોટમાં ખેંચી લેતા હતા, જેના કારણે કોઈને શંકા પણ જતી નહોતી.

### કાંઠા વિસ્તારના એક મહાનગર પાલિકાના કર્મીની પણ સંડોવણી છે: સ્થાનિક

સમગ્ર ડીઝલ ચોરીના કૌભાંડ શરૂઆતમાં પાલિકાના એક કર્મીના નજર હેઠળ ગવિયર ગામમાં ચાલી રહ્યું હતું. આ સ્થળે સીઆઈડી ક્રાઈમ સહિત વિવિધ તપાસ એજન્સીઓના વારંવાર દરોડા પડતા હોવાથી ત્યાંથી ડીઝલ ચોરીની પ્રવૃત્તિ બંધ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ ડુમસ વિસ્તારમાં અજિત સાથે જેમો અને તેજસની ત્રિપુટીએ ફરી ડીઝલ ચોરીનો ધંધો શરૂ કર્યો હોવાનું સામે આવ્યું છે.

### કોસ્ટ ગાર્ડની પણ સંડોવણી હોવાની શક્યતા

કૌભાંડી ગેંગ કોસ્ટ ગાર્ડની હદમાં સક્રિય હોવાનું સામે આવી રહ્યું છે. સમગ્ર ઘટનાક્રમને જોતા કોસ્ટ ગાર્ડની સંડોવણી પણ બહાર આવી શકે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. આલિયા બેટ ડુમસ તથા હજીરા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે. ડીઝલ આલિયા બેટ પરથી ડંકા ઓવારા સુધી લાવવામાં આવે છે. ભરતીના સમય દરમિયાન આલિયા બેટથી ડ્રમ બોટ મારફતે ડીઝલ લવાય છે. સમગ્ર ગેરકાયદે કામગીરી મોડી રાત્રે હાથ ધરવામાં આવે છે. દર ત્રણ કલાકે ભરતી આવતી હોવાનો લાભ લઈ, ભરતી સમયે જ ડંકા ઓવારા પર મોટા જથ્થામાં ડીઝલ ઉતારવામાં આવે છે.